# ધકેલાય માનવી મોતના મુખમાં, હોસ્પિટલમાં મૃતદેહ બદલાય છે

## વાત્રક કોવિડ હોસ્પિટલમાં કોરોના દર્દીનો મૃતદેહ બદલાઈ જતાં રાત્રે પરિવારનો હોબાળો : ડેમાઈ સ્મશાન ગૃહમાં ચિતા ઉપર મૂકેલી લાશ પરત મોકલાઈ, ભાણીયાએ કહ્યું કે માસીનો મૃતદેહ નથી : ભળતી અટકના કારણે બાયડની મહિલાનો મૃતદેહ ડેમાઈ પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬




અરવલ્લીના વાત્રકની કોવિડ હોસ્પિટલમાં કોરોના દર્દીનો મૃતદેહ બદલાઈ જવાની બેદરકારી ભરી ઘટનાથી મોંડી રાત્રે વાત્રક હોસ્પિટલ અને બાયડ પોલીસ સ્ટેશન આગળ હોબાળો જોવા મળ્યો. મૃતકના સગાઓ મૃતદેહને લઈને ડેમાઈ સ્મશાન ગૃહમાં પહોંચ્યા અને ચિતા ઉપર લાશ મૂકવામાં આવી ત્યારે ખબર પડી કે મૃતદેહ હંસાબેન પંચાલનો નથી..!! તુરંત હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં જ મૃતદેહને વાત્રક કોવિડ હોસ્પિટલમાં પરત મોકલાયો અને હંસાબેન પંચાલ ક્યાં ગાયબ થઈ ગયા તેની તપાસ શરૂ થઈ તો જાણવા મળ્યું કે એક દિવસ અગાઉ તેમનું મોત નિપજ્યું હતું પરંતુ ભળતી અટકના કારણે બાયડના લલીતાબેન પંચાલ સમજી તેમના વાત્રક સ્મશાન ગૃહમાં પુત્રની હાજરીમાં અગ્નિ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. હંસાબેન પંચાલના ભાણીયા ચેતન પંચાલે ચિતા ઉપર મૂકાયેલો મૃતદેહ માસીનો નથી તેવું જણાવ્યા પછી મૃતદેહ બદલાઈ ગયાની ગંભીર ઘટનાનો પર્દાફાશ થયો છે.

કોરોનાની પ્રથમ લહેરમાં વાત્રક કોવિડ હોસ્પિટલની કામગીરી વખણાઈ હતી પરંતુ બીજી લહેરમાં વાત્રકમાં શરૂ કરાયેલી કોવિડ હોસ્પિટલમાં નિષ્કાળજી રખાતી હોવાના આરોપ લાગ્યા છે. બાયડ તાલુકાના ડેમાઈના હંસાબેન ઉમિયાશંકર પંચાલ કોરોનાગ્રસ્ત થતાં તાબડતોબ સારવાર માટે વાત્રક કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કચ્છમાં રહેતા તેમના પુત્રોને જાણકારી અપાતાં સમી સાંજે વાત્રક દોડી આવ્યા હતા. હંસાબેન પંચાલને હોસ્પિટલમાં દાખલ કર્યા છે તે અંગેની પૂછપરછ કરતાં શરૂઆતમાં તો આવા કોઈ દર્દી દાખલ નથી તેવા જવાબ મળ્યા. ત્યારબાદ વૉચમેન જાતે કોવિડ હોસ્પિટલમાં તપાસ કરીને આવ્યો અને સાથે કઈ દવા લાવવાની છે તેનું પ્રિસ્ક્રિપ્શન લઈને આવ્યો હતો. પરિવારજનોએ ડૉક્ટરોની માંગ પ્રમાણે દવાઓ લઈ આપી અને અમારે હંસાબેન પંચાલને જોવા છે તેવો આગ્રહ રાખ્યો પરંતુ તે શક્ય ન હોવાનું જણાવતાં પરિવારજનો ડેમાઈ ગામે પરત ફર્યા. બીજા દિવસે ફરી એ જ પ્રમાણે દવા લખી આપી અને દવા લઈ આપ્યા પછી પરિવાર ઘરે આવ્યો ત્યારે સમાચાર મળ્યા કે તમારા માતાની તબિયત એકાએક ખરાબ થઈ છે અને મૃત્યુ પામ્યા છે. પરિવાર રડતો વાત્રક પહોંચ્યો અને ત્યાંથી કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો.

ડેમાઈ સ્મશાન ગૃહમાં ચિતા ઉપર મૃતદેહ ગોઠવ્યો અને નિકટના સબંધીઓને દૂરથી દર્શન કરવા જણાવ્યું તે સમયે મૃતકના ભાણીયા ચેતન પંચાલને લાગ્યું કે મૃતદેહ માસીનો નથી. જેથી ઝીણવટથી મૃતદેહ તપાસતાં આશંકા સાચી ઠરી. મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે પરત વાત્રક કોવિડ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો અને ત્યાં હંસાબેન પંચાલનો મૃતદેહ નથી તો દર્દી ગયું ક્યાં..?? તેની તપાસ કરી પરંતુ યોગ્ય જવાબ ન મળતાં યોગ્ય હોસ્પિટલ કેમ્પસમાં પરિવારજનોએ હોબાળો મચાવી દીધો. ત્યાંથી યોગ્ય જવાબ ન મળતાં મામલો બાયડ પોલીસ સ્ટેશને પહોંચ્યો. જો કે મૃતકનો મલાજો જાળવવા પરિવારે થોડો સંયમ પણ દાખવ્યો પરંતુ ત્યાર બાદ બહાર આવેલી વિગતો અનુસાર હંસાબેન પંચાલના મૃતદેહને લલિતાબેન પંચાલ તરીકે અગ્નિ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા અને ડેમાઈ પહોંચેલો મૃતદેહ બાયડના લલિતાબેન પંચાલનો હોવાનું બહાર આવ્યું છે. વાત્રક કોવિડ હોસ્પિટલના સ્ટાફની ગંભીર બેદરકારીથી આવી સ્થિતિ થયાનું જાણવા મળ્યું છે.



### હંસાબેન પંચાલને લલિતાબેન સમજી અંતિમ સંસ્કાર કરી દેવાયા



બાયડ : સૂત્રોએ જણાવ્યું કે વાત્રકની કોવિડ હોસ્પિટલમાં બાયડના લલિતાબેન પંચાલ કોરોનાગ્રસ્ત થતાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે ડેમાઈના હંસાબેન પંચાલને પણ કોરોના થતાં ગંભીર હાલતમાં સારવાર માટે લાવવામાં આવ્યા. જ્યાં તા.૧૪ના રોજ જ તેમનું મોત નિપજ્યું હતું પરંતુ હોસ્પિટલની બેદરકારીથી મૃત્યુ પામેલા હંસાબેન પંચાલને લલિતાબેન પંચાલ તરીકે ખપાવી તેમના સબંધીઓને બોલાવી વાત્રકના અંતિમ ધામમાં અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. આ પ્રકારની ગંભીર બેદરકારી બદલ સ્ટાફ સામે પગલાં ભરવાં જોઈએ જેથી બીજીવાર આવી ભૂલ ન થાય.

### કામના ભારણ હેઠળ ભૂલ થઈ છે : આરોગ્ય તંત્ર

બાયડ : વાત્રક કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીનો મૃતદેહ બદલાઈ ગયાની ગંભીર ઘટનાથી આરોગ્ય વિભાગની આબરૂના ધજાગરા ઉડ્યા છે ત્યારે આરોગ્ય તંત્રના જવાબદાર અધિકારીએ જણાવ્યું કે કામના ભારણ હેઠળ સ્ટાફ કામ કરી રહ્યો છે જેથી એક માનવીય ભૂલ થઈ છે તે હવે સ્વીકારવી પડશે.

### અતઃ થી ઈતિ.... બનાવનો ઘટનાક્રમ..

વાત્રકની કોવિડ હોસ્પિટલમાં દર્દીના મૃતદેહ બદલાઈ જવાનો ગંભીર મામલો પ્રકાશમાં આવતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી ગયો છે. મૃતકના સગાઓએ બનાવના ઘટનાક્રમની આપેલી વિગતોમાં..

- ડેમાઈ ગામના હંસાબેન ઉમિયાશંકર પંચાલ કોરોનાગ્રસ્ત હતા. હાલત ગંભીર થતાં તા.૧૪ના રોજ ઈમરજન્સી-૧૦૮ મારફતે સવારે ૮-૦૦ કલાકે વાત્રક કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા.
- કચ્છના શામખીયાણામાં રહેતા તેમના પુત્ર કમલેશ અને વિજયને જાણકારી અપાતાં તેઓ વાત્રક સાંજના ૪-૦૦ કલાકે દોડી આવ્યા.
- વાત્રક કોવિડ હોસ્પિટલમાં હંસાબેન પંચાલને દાખલ કર્યા છે તેમને કેવું છે તેવી પૂછપરછ કરી તો જણાવ્યું કે આવી કોઈ વ્યક્તિ દાખલ થઈ નથી.
- સ્ટાફના આવા જવાબથી બંન્ને પુત્રો ચોંક્યા તો પછી દાખલ કરેલા માતા ક્યાં ગયા..?? જમીનમાં ગાયબ થઈ ગયા કે પછી ૧૦૮ લઈ ગઈ..??
- રકઝક થયા પછી વૉચમેન આવ્યો અને તે ઉપર તપાસ કરવા માટે ગયો અને વૉચમેને ડૉક્ટરે તમને તમારી બા માટે આ દવાઓ લખી આપી છે તે લઈ આવો તેમ જણાતાં પરિવારે ૨૫૦૦ રૂા.ની દવાઓ લઈ આપી.
- તમે દવા લઈ જાઓ પરંતુ મારા આ મોબાઈલમાં હંસાબેન પંચાલનો ફોટો પાડતા આવજો જેથી અમને ખબર પડે કે તેમની કેવી સારવાર ચાલે છે પરંતુ વૉચમેને ઉદ્ધત જવાબ આપ્યો અને અમે ફોટા પાડવા નવરા નથી તેમ કહી રવાના થઈ ગયો છેવટે અમે રાત્રે ઘરે આવ્યા.
- તા.૧૫ના રોજ સવારે ફરીથી વાત્રક કોવિડ હોસ્પિટલમાં પહોંચ્યા ત્યાં પણ અગાઉના દિવસની જેમ જ દવા લખી આપી, અમે લઈ આપી પરંતુ દર્દી બાબતે કોઈ જાણકારી ન આપી છેવટે સવારે ૧૧-૦૦ વાગે ડેમાઈ પરત ફર્યા. ૧૨-૦૦ વાગે હોસ્પિટલમાંથી ફોન આવ્યો કે તમારી બા ની તબિયત બગડી છે અને મૃત્યુ પામ્યા છે જેથી પરિવારજનો જમવાનું છોડી વાત્રક પહોંચ્યા.
- મૃતકના પુત્ર કમલેશભાઈને દૂરથી મૃતદેહ બતાવવામાં આવ્યો અને કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ પીવીસી કીટમાં વિંટાળીને મૃતદેહ લઈ જવા માટે કહ્યું.
- સાંજે ૪-૦૦ કલાકે મૃતદેહને સીધો જ ડેમાઈ સ્મશાન ગૃહમાં લાવવામાં આવ્યો. ચિતા ઉપર મૃતદેહ ગોઠવ્યો ત્યારે મૃતકના ભાણીયા ચેતન પંચાલને મૃતદેહ માસીનો નથી તેવું જણાતાં ચોક્સાઈ કરી અને આશંકા સાચી ઠરી. તૂરત જ એમ્બ્યુલન્સમાં મૃતદેહ વાત્રક પરત મોકલવામાં આવ્યો.
- મૃતદેહ હંસાબેન પંચાલનો નથી તો હંસાબેન પંચાલ ગયા ક્યાં..?? તે મુદ્દે પરિવારજનોએ હોસ્પિટલ પરીસર માથે લીધું ૩ કલાક સુધી હોબાળો મચ્યો આખરે મામલો બાયડ પોલીસ સ્ટેશને પહોંચ્યો. પોલીસે માત્ર અરજીના આધારે તપાસ કરી.
- બીજા દિવસ સવારે ખબર પડી કે ડેમાઈમાં જે મૃતદેહ આપવામાં આવ્યો હતો તે હંસાબેન પંચાલનો નહીં પરંતુ બાયડના લલિતાબેન પંચાલનો હતો. હંસાબેન પંચાલ તો દાખલ કર્યા તે દિવસે જ મોતને ભેટ્યા હતા અને તેમના વાત્રકમાં અંતિમ સંસ્કાર કરી દેવાયા હતા.

### કોરોનાનું ગ્રહણ : ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટેની પરીક્ષા મોકૂફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૬ માં પ્રવેશ માટેની પરીક્ષા તા.૧૬ મે. રવિવારે યોજાવવાની હતી પરંતુ કોરોનાનું ગ્રહણ વધતાં પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે. પરીક્ષાની તારીખ ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ જાહેર કરવામાં આવશે.


પાછલા કેટલાક વર્ષોથી નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે ધસારો થઈ રહ્યો છે. દર વર્ષે ધો.૬ માં પ્રવેશ માટેની પરીક્ષા યોજાય છે જેમાં હજારો વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય છે. આ વર્ષે ધો.૬ માં પ્રવેશ માટેની પરીક્ષા માટે અગાઉ બદલાયેલી તા.૧૬ મે. નિર્ધારીત કરાઈ હતી પરંતુ વહીવટી કારણોસર જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે તેવું જણાવવામાં આવ્યું છે.

# અરવલ્લી જિલ્લાની હોસ્પિટલોમાં ઓક્સિજનની માંગમાં ઉછાળો, ડૉક્ટરોએ નવો દાવ અપનાવ્યો

## દર્દીને સારૂ છે, ઘરે લઈ જાઓ, ઓક્સિજન આપજો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

કોરોનાના બેકાબુ બનેલા સંક્રમણમાં આરોગ્ય વિભાગ સાચા



આંકડા જાહેર ન કરે તો પણ ઓક્સિજનની માંગ ઉપરથી સંક્રમિત કેસમાં કેટલો વધારો થયો છે તે જાણી શકાય. અરવલ્લી જિલ્લાની હોસ્પિટલમાં ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે. દૈનિક ૫૦૦ બોટલની જરૂરીયાત વધીને ૬૦૦ બોટલ ઉપર પહોંચી છે. આગામી દિવસોમાં તેમાં વધારો થઈ શકે છે. કોરોના દર્દીઓની સારવાર કરતી હોસ્પિટલ અને ડૉક્ટરોએ ઓક્સિજનની અછતથી મજબૂરીવશ નવો દાવ અપનાવ્યો છે. જેમાં દર્દીને સારૂ છે, ઘરે લઈ જાઓ, ઓક્સિજન આપજો, હોસ્પિટલને જો ઓક્સિજન ન મળતો હોય તો દર્દી ઘરે પહોંચ્યા પછી તેના સબંધીઓ ક્યાંથી ઓક્સિજન લાવશે..?? જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ હોમ ક્વોરન્ટાઈન થયેલા દર્દીઓને જરૂરીયાત મુજબ ઓક્સિજન મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

જિલ્લામાં પાછલા ૪૦ કલાક દરમ્યાન કોરોનાથી ૧૩ થી વધુ દર્દીઓના મોત નિપજ્યા છે. આ આંકડા જ જિલ્લામાં વધતા કોરોના સંક્રમણની સાચો ચિતાર આપવા માટે પૂરતા છે. કોરોનાનું સંક્રમણ વધ્યા પછી મોડાસા, વાત્રકની કોવિડ હોસ્પિટલમાં બેડ સંખ્યા વધારી ત્યારબાદ મેઘરજના ઈસરી, ભિલોડા અને મેઢાસણ કોવિડ કેર સેન્ટર તાબડતોબ ઉભા કર્યા તે બાબત આડકતરૂ ઘણું બધું કહી જાય છે. જે રીતે જિલ્લામાં ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે તે જોતાં કોરોના સંક્રમિત અનેક દર્દીઓમાં ઓક્સિજનનું પ્રમાણ ભયજનક રીતે ઘટતું હોવાની બાબત નિર્વિવાદપણે સ્વીકારવી રહી. બે દિવસથી રેમડેસિવિર ઈન્જેક્શનની અછત બાબતે કોઈ ઉહાપોહ નથી પરંતુ ક્યાંકને ક્યાંક ઓક્સિજનની અછતનો મામલો વધુ હાવિ થયો છે. ખાસ કરીને મોડાસામાં કોરોના દર્દીઓની સારવાર કરતી અનેક હોસ્પિટલો અને ડૉક્ટરોએ ઓક્સિજનની અછતથી હવે દર્દીઓને હોમ ક્વોરન્ટાઈન માટે તૈયાર કરી દીધા છે. સાથે એમ પણ જણાવી રહ્યા છે કે હવે સારૂ છે, ઘરે જઈને ઓક્સિજન આપજો તેવું દર્દીના સગાને જણાવી રહ્યા છે. હજુ તો કોરોના તેની પરાકાષ્ટાએ પહોંચવાની ઘણી વાર છે અને બીજી લહેરના પ્રારંભમાં જ ઓક્સિજન માટે તંત્ર હાંફતું હશે તો આગામી દિવસોમાં ઓક્સિજનની ૨ થી ૩ ઘણી માંગને પહોંચી વળવા વહીવટી તંત્રએ અત્યારથી જ આગોતરૂ આયોજન કરવું પડશે.

### દર્દી માટે ડૉક્ટરની દેખરેખ વગર ઓક્સિજન આપવો યોગ્ય ખરો..??

મોડાસાની અનેક હોસ્પિટલોએ કોરોના દર્દીઓને ઓક્સિજનની જરૂરી છે તેવી સલાહ આપી દર્દીને હોમ ક્વોરન્ટાઈન માટે ઘરે રવાના કરી રહ્યા છે ત્યારે સાચી હકીકત તો એ છે કે કોવિડની સારવાર લઈ રહેલા દર્દીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતું હોય ત્યારે ઓક્સિજન થેરાપી આપવામાં આવે છે અને તેમાં ડૉક્ટરની સંપૂર્ણ હાજરી અનિવાર્ય છે આ સંજોગોમાં મોડાસામાંથી ઉઠાવાયેલું જોખમ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે કે પછી પ્રાણઘાતક..??


# ચૈત્રમાં પાવાગઢ પદયાત્રાની પરંપરાને કોરોનાનું ગ્રહણ લાગ્યું

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગો સૂમસામ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સામાન્ય દિવસોમાં ચૈત્ર મહિનો શરૂ થાય એટલે રથ લઈને પાવાગઢ જતા સંઘોથી માર્ગો ચેતનવંતા બનતા હોય છે. પરંતુ કોરોનાના વધતા સંક્રમણના કારણે પાવાગઢ પદયાત્રાની પરંપરાને ગ્રહણ લાગ્યું છે. બંન્ને જિલ્લાના માર્ગો સંઘોની ગેરહાજરીના કારણે સૂમસામ દેખાઈ રહ્યા છે. જિલ્લામાં ઉનાળાની કાળઝાળ ગરમીની પરવા કર્યા વિના દર વર્ષે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ પગપાળા પાવાગઢની યાત્રાએ રવાના થતા હોય છે પરંતુ ૧૦૦ વર્ષથી ચાલતી પરંપરા ઉપર બ્રેક આવી છે.

જિલ્લાના શ્રદ્ધાળુઓ પાવાગઢના ડુંગર ઉપર બિરાજમાન મહાકાળી માતાજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાંથી અસંખ્ય શ્રદ્ધાળુઓ રથ સાથે ચૈત્ર નવરાત્રિના આરંભ સાથે પાવાગઢ તરફ પ્રયાણ કરતા હોય છે. આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તેમ છતાં પદયાત્રીઓ પરંપરા વર્ષોથી જાળવતા આવ્યા છે પરંતુ આ વખતે કોરોનાનું સંક્રમણ તમામ વિસ્તારોમાં હાવિ થયું છે. દેવમંદિરોમાં પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનોનું પાલન કરવાની સાથે મોટા દેવસ્થાનોના દ્વાર યાત્રિકો માટે બંધ કરવામાં આવ્યા છે. જેની સીધી અસર પદયાત્રાના સંઘો ઉપર દેખાઈ છે. દર વર્ષે પાવાગઢની યોજાતી પદયાત્રા બંધ રહેવાના કારણે બંન્ને જિલ્લાના માર્ગો સૂમસામ ભાસી રહ્યા છે.

### દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ડૉ.મહેન્દ્રભાઈ પોપટલાલ ભાવસાર**(ચોઈલાવાળા) તા.૧૬-૪-૨૦૨૧, ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે, ઈશ્વરને ગમ્યું તે ખરૂં. વર્તમાન પરિસ્થિતિના કારણે બેસણું બંધ રાખેલ છે. સબંધીઓ, મિત્રોએ પોતાના ઘરે બેસી સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવી.

**ટેલિફોનિક અથવા સોશ્યલ મીડીયા દ્વારા સાંત્વના પાઠવી શકો છો.**

**નિવાસસ્થાન : ૨૫, શ્રીજીચરણ સોસાયટી, વાત્રક રોડ, બાયડ, જિ.અરવલ્લી**
**મો. ૯૪૨૬૩૫૭૯૫૯**

લી.

જીતેન્દ્રભાઈ પોપટલાલ ભાવસાર, ભાઈ
જગદીશભાઈ પોપટલાલ ભાવસાર, ભાઈ
સુભાષભાઈ પોપટલાલ ભાવસાર, ભાઈ
નવનીતભાઈ પોપટલાલ ભાવસાર, ભાઈ
તથા સમસ્ત ભાવસાર પરિવાર

મનિષ મહેન્દ્રભાઈ ભાવસાર, પુત્ર
પિયુષ મહેન્દ્રભાઈ ભાવસાર, પુત્ર
ધુવિલ મનિષભાઈ ભાવસાર, પૌત્ર
ધૈર્ય પિયુષભાઈ ભાવસાર, પૌત્ર
આર્ચિ મનિષભાઈ ભાવસાર, પૌત્રી
જાનવી પિયુષભાઈ ભાવસાર, પૌત્રી

ગણેશ મોટર ડ્રાઈવિંગ સ્કુલ, બાયડ
ચોઈલા, તા.બાયડ, જિ.અરવલ્લી

નોંધ : પિયરપક્ષનું બેસણું પણ બંધ રાખેલ છે.

# સાતરડામાં જમીન ગીરો મુક્ત કરવાને બદલે પચાવી પાડતાં ખેડૂત સામે ફરિયાદ

માલપુર તાલુકાના સાતરડા (રામપુર) ગામે ખેડૂત લાલાજી મસુજી ફૈડીએ વર્ષ-૧૯૯૦ના સમયગાળામાં તેમના સર્વે નંબરવાળી જમીન સોમાભાઈ સાંકળાભાઈ પટેલને રૂા.૧૪,૦૨૭માં વેચ્યા પછી સદર જમીન વિક્રમભાઈ લાલાભાઈ ફૈડીના નામે હોઈ ખેડૂતે જમીનને ગીરો મુક્ત કરાવવા માટે રૂપિયા આપ્યા હોવા છતાં તે મુક્ત કરવામાં ન આવતાં પોલીસ ફરિયાદ થઈ છે. જમીન ગીરો રાખનાર ખેડૂતે રજીસ્ટ્ર દસ્તાવેજ કર્યા વગર જમીન ઉપર અનઅધિકૃત કબજો કરી છેલ્લા ૨૦ વર્ષથી વાવેતર કરતા હોવાથી માલપુર પોલીસે લેન્ડ રેકર્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

લેન્ડ રેકર્ડ એક્ટ અમલમાં આવ્યા પછી જમીન પચાવી પાડવાના કેસનો રાફડો ફાટ્યો છે. તાલુકાના સાતરડાગામના ખેડૂત વિક્રમભાઈ લાલાભાઈ ફૈડીના પિતા લાલાજીએ ગામના ખેડૂત નિરવ પટેલના દાદા સોમાભાઈ પટેલને જમીન વેચાણ આપી હતી જેમાં સ્ટેમ્પ ઉપર ખેડૂત પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવ્યો હતો. છેલ્લા ૨૦ વર્ષથી પટેલ પરિવાર જમીનમાં સીઝન પ્રમાણે વાવેતર કરે છે અને સર્વે નંબર-૧૩૩૨ વાળી જમીન વિક્રમભાઈ ફૈડીના નામે બોલતી હોવાથી તેને ગીરો મુક્ત કરાવવા માટે કહેવામાં આવતાં પટેલ પરિવારના સભ્યોએ જમીન મુક્ત કરવા પેટે નક્કી કરેલ રૂપિયા લઈ લીધા પછી પણ જમીન ઉપરનો કબજો છોડ્યો ન હતો. જમીનના કાયદેસર રજીસ્ટર દસ્તાવેજ થયા ન હોવા છતાં ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો હોવાના કારણે વિક્રમભાઈ ફૈડીએ પિતાએ ગીરો મૂકેલી જમીન મુક્ત કરાવવા માટે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે આરોપી નિરવ જગાભાઈ પટેલ (રહે.સાતરડા) વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી ધરી છે.